| GJTP050002092026 | | | | |
|---|---|---|---|---|
| | દાખલ તારીખ | ૧૩/૦૨/૨૦૨૬ | | |
| | નોંધ્યા તારીખ | ૧૩/૦૨/૨૦૨૬ | | |
| | નિર્ણય તારીખ | ૧૬/૦૩/૨૦૨૬ | | |
| | સમયગાળો | <u>વર્ષ</u> | <u>માસ</u> | <u>દિવસ</u> |
| | | **૦૦** | **૦૧** | **૦૩** |

---

**ઉચ્છલનાં મે. જ્યુડિશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં, મું. ઉચ્છલ.**

<u>**ક્રિમીનલ કેસ નં. :- ૧૮૬/૨૦૨૬**</u>

---

**આંક – ૧૩**

**ફરીયાદી** **:-** **શ્રી સરકાર**

**વિરુધ્ધ : –**

**આરોપી** **:-** **વિક્રમભાઈ વાડગ્યાભાઈ વસાવા**
ઉ. વ. – ૫૦, ધંધો – મજુરી,
રહે. – મોહિની ગામ, નિશાળ ફળીયું,
તા. ઉચ્છલ, જી. તાપી.

**ગુનો :- ધી પ્રોહિબીશન એક્ટની કલમ – ૬૫ (એ)(એ) મુજબ.**

<u>ફરીયાદ પક્ષ તરફે</u> :- વિદ્વાન એ.પી.પી. શ્રી પી.આર.વસાવા.
<u>આરોપી પક્ષ તરફે</u> :- વિદ્વાન વકીલ શ્રી આર.એમ.વળવી.

## -: ચુકાદો :-

(૧) આ કામના આરોપી સામે ફરીયાદ પક્ષે ઉચ્છલ પોલીસ સ્ટેશન પ્રોહિબીશન ગુના રજીસ્ટર નંબર – ૧૧૮૨૪૦૦૬૨૫૧૨૪૦/૨૫, અન્વયે ગુનો રજીસ્ટર્ડ કરી ધી પ્રોહિબીશન એક્ટની કલમ – ૬૫ (એ)(એ) મુજબનાં ગુનાનું ચાર્જશીટ રજુ કરતાં તેને ફોજદારી કામ નંબર – ૧૮૬/૨૦૨૬ તરીકે નોંધવામાં આવેલ છે.

(૨) આરોપી મુદતે હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કરી અદાલતે આરોપી વિરુધ્ધ તહોમતનામું ફરમાવી, વાંચી, સંભળાવી, સમજાવ્યા બાદ આરોપીની ગુના અંગેની પ્લી નોંધવામાં આવી જેમાં આરોપીએ ગુનાનો ઇન્કાર કરી ટ્રાયલ ક્લેઇમ કરેલ છે. જેથી ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવ્યો.

(૩) ફરીયાદ પક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા નીચે મુજબનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલો છે.

### (અ) મૌખિક પુરાવો :-

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| (૧) | ૦૬ | પંચ સાહેદ – સાલેમભાઇ રેન્જાભાઇ ગામીત ની જુબાની |
| (૨) | ૦૮ | પંચ સાહેદ – સતિષભાઇ જાલમસિંગભાઇ વસાવા ની જુબાની |
| (૩) | ૦૯ | ત.ક.અ. – સંદિપભાઇ સુરજીભાઇની જુબાની |

## (બ) <u>દસ્તાવેજી પુરાવો :-</u>

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૦૭ | પંચનામું |
| (૨) | ૧૦ | ફરીયાદ |

**(૪)** ફરીયાદ પક્ષ તરફે વિદ્ધાન એ.પી.પી.શ્રીએ મૌખિક રીતે પુરાવો પુરો થયાનું જાહેર કરતાં ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ. ત્યારબાદ આ કામનાં આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ - ૩૫૧ અન્વયેનું વિશેષ નિવેદન નોંધવામાં આવ્યું. જેમાં આરોપીએ તેમની સામે નીકળી આવતાં સંજોગોનો ઈન્કાર કરી ફરીયાદ પક્ષે તેઓ સામે ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે. આરોપીએ તેમનાં આ કથનનાં સમર્થનમાં બચાવ પક્ષનાં સાહેદો તપાસવાનું પસંદ કરેલ નથી.

**(૫)** ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફે વિ. એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળી. આ કામે નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શુ ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામનાં આરોપીએ તા. : ૨૮/૧૨/૨૦૨૫ નાં રોજ કલાક - ૧૯:૦ વાગ્યે મોહિની ગામે, નિશાળ ફળીયામાં પોતાનાં ઘરની સામે આવેલ પજારીનાં ભાગે પોતાના કબજામાં વગર પાસ પરમીટે એક કાપડની થેલીમાં દેશી દારૂ આશરે ૦૪ લીટર જેની કુલ કિંમત રૂ.૮૦૦/- નો રાખી પકડાઇ જઇ, ધી પ્રોહિબીશન એક્ટની કલમ - ૬૫ (એ)(એ) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદ્દાઓ પરત્વેનાં હવે પછી તુરત ચર્ચા કર્યાનાં આધારે મારાં નિર્ણયો નીચે મુજબ છે :

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

**<u>// નિર્ણય અંગેનાં કારણો //</u>**

**<u>મુદ્દા નંબર – ૧, ૨ :–</u>**

**(૭)** આરોપી સામે પ્રોહિબીશન એક્ટની કલમ – ૬૫ (એ)(એ) મુજબનો ગુનો નોંધાયેલ છે અને તે અંગેનું ચાર્જશીટ રજુ કરેલ છે. આ કામે ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા સારુ રજુ કરેલ પુરાવાનું મુલ્યાંકન નીચે મુજબ કરવામાં આવેલ છે.

**(૭.૧)** આ કામે રજુ થયેલ મૌખિક પુરાવો જોતાં આ કામે પંચ સાહેદ સાલેમભાઇ રેન્જાભાઇ ગામીત તથા સતિષભાઇ જાલમસિંગભાઇ વસાવાનાંઓને સોગંદ ઉપર તપાસેલ છે અને સદર પંચ સાહેદે તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવે છે કેલ તેઓએ માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલીઈ તે સીવાય પંચનામાની હકીકતો વિશે તેઓ જાણતાં નથી. તેથી સદર પંચનામાની હકીકત માની શકાય નહીં. કેમ કે, સદર પંચનામું શાનું છે તે પણ સદર પંચ સાહેદને ખબર ન હતી અને તેમની ફક્ત પંચનામામાં સહી

લેવામાં આવેલ. આમ, ફરીયાદ પક્ષ કહેવાતું પંચનામું સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી આ કામનું પંચનામું માની શકાય નહીં.

**(૭.૧)** આ સીવાય ત.ક.અમલદાર સંદિપભાઇ સુરજીભાઇનાંઓએ ફરીયાદ પક્ષનાં કેસને સમર્થન આપેલ છે. પરંતુ, ઉપરોક્ત ચર્ચા કરી તે મુજબ તેમની સદર હકીકતને તટસ્થ અને સ્વતંત્ર સાહેદે સમર્થન કરેલ નથી. વધુમાં, બનાવવાળી જગ્યા એ જાહેર વિસ્તાર આવેલ છે. આમ, સદર કામે તપાસ કરનાર અમલદાર દ્વારા રજુ કરવામાં આવેલ આખરી અહેવાલ જોવામાં આવે તો, સબબ કામે ફક્ત પંચો જ સ્વતંત્ર સાહેદો છે તે સીવાયનાં તમામ સાહેદો પોલીસ અધિકારીઓ છે. પંચોએ પંચનામાની વિગતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. વળી, **સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. ઓનકાર મનીક પાટીલ, 1979(0) AIJEL-MH-147444 માં** પ્રસ્થાપિત કરેલ છે કે, જ્યારે પંચ સાહેદો દ્વારા પંચનામાને સમર્થન મળતું ન હોય તેવા સંજોગોમાં ફરીયાદી તથા અન્ય પોલીસ સાહેદોની સોગંદ ઉપરની જુબાની ઉપર આધાર રાખી શકાય નહીં. સદર કામે સાહેદો પોલીસનાં સાહેદો છે, જેથી ફક્ત તેઓનાં નિવેદનને ધ્યાને લઈ સદર કામનાં આરોપીને સદર ગુના માટે તકસીરવાન ઠરાવવાનું અત્રેની અદાલતને યોગ્ય લાગતું નથી. તેમજ તપાસ કરનાર અમલદારે તેમનાં પુરાવામાં જણાવ્યા મુજબ આ કામે કબજે કરેલ મુદ્દામાલ દેશી દારૂ હતો કે કેમ તે અંગેનું એફ.એસ.એલ. સર્ટિફિકેટ આજ દિન સુધી આવેલ નથી તે જોતાં સદરહું મુદ્દામાલ દેશી દારૂ હોવાનું ફરીયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી.

વધુમાં, નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા **The State of Gujarat V/s Yadvendrasing Sardar Surjitsing Jat (Shikh) reported in 2016(4) GLR 3159** ના કામે નીચે મુજબ ઠરાવેલ છે.

> ***"In that view of the matter, consequently, the entire procedure he carried out appears to be tainted and based upon such investigation,***

*no conviction can be recorded. Even otherwise also the panchas have not supported the prosecution case and the case of the prosecution is not getting corroboration with the evidence and, therefore, finding recorded by the learned trial court is just and proper."*

વધુમાં, નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા AMIN BIN MOHAMMED ARAB Versus STATE OF GUJARAT R/CRIMINAL REVISION APPLICATION NO. 151 of 2012 ના કામે નીચે મુજબ ઠરાવેલ છે.

*5.2 From a perusal of the material on record, it is revealed that both the Courts below have given improper reasons, de hors the very fundamental principle of criminal jurisprudence that unless a person is proved guilty, he/she is deemed to be innocent and therefore, it was the duty of the prosecution to lead cogent and credible evidence, since, conjectures and surmises can not be made basis for conviction. Further, the evidence produced or led by the prosecution should prove its case beyond reasonable doubt, against the concerned accused person. Unfortunately, there is nothing on the record to show that the prosecution successfully proved that the shop, from which the bottles of IMFL were seized, belonged to the Revisionist. Further, the prosecution also does not appear to have led any cogent evidence, so as to attract the presumption under Section 116B of the Prohibition Act and to believe that the bottles of IMFL contained original labels and their seals were in tact. In the considered opinion of this Court, there appears to be total non-application of mind on the part of the Courts below in applying the provisions of Section 106 and 114E of the Indian Evidence Act and to make the accused Revisionist to disprove the case of the prosecution. As stated above, conviction cannot be based solely on the evidence of police officials, who are interested witnesses and therefore, in absence of any independent witness or evidence, the orders passed by the Courts below cannot be sustained.*

(૮) **મુદ્દા નં. ૨ :–** ફરીયાદ પક્ષ પોતાનો કેસ શંકા રહિત સાબિત કરવામાં નિષ્ફળ નીવડેલ છે. તે સંજોગોમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં તેમ માની મુદ્દા નંબર – ૧ નો નિર્ણય નકારમાં ઠરાવી મુદ્દા નંબર – ૨ અન્વયે નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**:: હુકમ ::**

(૧) આ કામનાં આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ – ૨૭૧(૧) અન્વયે પ્રોહિબીશન એક્ટની કલમ – ૬૫ (એ) (એ) મુજબનાં શિક્ષાને પાત્ર ગુનામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) અપીલ સમય વીત્યા બાદ મુદ્દામાલ દારૂનો નાશ કરવો.

(૩) હાલનાં આરોપીએ અગાઉ આપેલ જામીન બી.એન.એસ.એસ.ની કલમ – ૪૮૧ અન્વયે અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૧૬ મી માર્ચ, ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

મુ. ઉચ્છલ.
તા. ૧૬/૦૩/૨૦૨૬

(ધાર્મિક અશોકભાઇ ગોહેલ)
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ. ક.,
ઉચ્છલ, જી. તાપી.
કોડ નં. જી.જે.૦૧૭૧૪

JPTrivedi